# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૩૦/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ‘કોરોના ઇફેકટ્સ, સુરત પ્રીપેરસ્’ વિશે વેબીનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે ‘કોરોના ઇફેકટ્સ, સુરત પ્રીપેરસ્’ વિશે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિર્મલ હોસ્પિટલના ચેરમેન તેમજ કોરોના એક્શન કમિટી, આઇ.એમ.એ. સુરતના ચેરમેન ડો. નિર્મલ ચોરારીયા, સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. પ્રિતિ કાપડીયા, મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પિટલના વાઇસ પ્રેસિડેન્ટ ડો. અનિલકુમાર ચિલીમુન્થા અને ટ્રાઇસ્ટાર હોસ્પિટલના મેનેજિંગ ડિરેકટર ડો. અરૂણ મેહરા જેવા ડોકટરોની પેનલે કોરોના વાયરસના ચેપથી બચવા માટે તેમજ હોમ કોરન્ટાઇનમાં રાખવામાં આવતી સાવચેતી વિશે સમજણ આપી લોકોને સારી રીતે અવેર અને એજ્યુકેટ કર્યા હતા. તદુપરાંત ન્યૂ કોવિડ હોસ્પિટલ, મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પિટલ અને ટ્રાઇસ્ટાર હોસ્પિટલમાં કોવિડના દર્દીઓની સારવાર માટે ઉભી કરાયેલી વ્યવસ્થા વિશે તેમજ કોવિડ એકશન કમિટીની કામગીરી વિશે મહત્વની ચર્ચા કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, ચેમ્બર સુરતના બધા નાગરીકો વતી ડોકટર્સ તથા તેમની આખી મેડીકલ ટીમને સલામ કરે છે કે જેઓ કોરોનાની વિપરીત પરિસ્થિતિમાં કોરોના તથા અન્ય દર્દીઓની સારવાર માટે રાતદિવસ કામ કરી રહયાં છે.

ડો. નિતિન ગર્ગએ જણાવ્યુ હતુ કે, કોરોના પહેલો વાયરસ નથી એના પહેલાં પણ એબોલા, એચ૧એન૧ વિગેરે વાયરસ આવ્યા છે. જો કે, આ છેલ્લો વાયરસ પણ નથી. ભવિષ્યમાં પણ અલગ–અલગ વાયરસ આવશે, જેનો આપણે બધાને મળીને સામનો કરવો પડશે. ચીનના વુહાન ખાતેથી ફેલાયેલો કોરોના વાયરસનો ભારતનો પ્રથમ કેસ કેરળમાં ૩૦ જાન્યુઆરીના રોજ સામે આવ્યો હતો. ત્યારબાદ દેશભરમાં કોરોનાના ચેપથી લોકોને બચાવવા માટે તકેદારીના પગલા લેવામાં આવ્યા હતા.

ડો. નિર્મલ ચોરારીયાએ જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૦૨માં દક્ષિણ ચીનમાં કોરોનાના કેસ થયા હતા. લગભગ એક હજાર કેસમાંથી ૭૦૦ જેટલા દર્દીઓના મોત થયા હતા. એવી જ રીતે બીજા સ્થળે ૮૦૦ જણા કોરોનાને કારણે મૃત્યુ પામ્યા હતા. પરંતુ કોઇએ વિચાર્યુ ન હતુ કે આ વાયરસ ફરીથી ભયાનક રૂપ લઇને આવશે અને આખા વિશ્વને ઘમરોળશે. ચાઇનામાં કોરોનાના કેસો પહેલા સમજી શકાયા ન હતા. એમાં સાધારણ શરદી, ખાંસી અને તાવના લક્ષણો સામે આવ્યા હતા. કોરોનાને સમજાતા સમય લાગી ગયો અને આ વાયરસ ખૂબ જ ઝડપથી ફેલાઇ ગયો હતો. ત્યારબાદ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરી હતી.

કોરોનાના લક્ષણો વિશે તેમણે જણાવ્યુ હતુ કે કોવિડના દર્દીઓમાં શરદી, ખાંસી, તાવ અને ગળામાં દુઃખાવાના લક્ષણો દેખાતા હતા. પરંતુ હવે ૪૦થી ૫૦ ટકા કોવિડના દર્દીઓમાં કોઇ લક્ષણો દેખાતા જ નથી. લોકોમાં સૌથી વધુ રોગ ફેલાવવાનું આ જ કારણ છે. કોરોનાનો ઇન્કયુબેશન પિરીયડ બેથી ચૌદ દિવસનો છે. ચૌદ દિવસ સુધી દર્દી અજાણતામાં શરીરમાં કોરોનાને લઇને લોકોને સંપર્કમાં આવે છે અને તેને કારણે અન્ય લોકોને પણ તેનો ચેપ લાગે છે. અત્યારે કોવિડના કેસમાં જે ઉછાળો આવ્યો છે તે આના કારણે જ છે.

તેમણે જણાવ્યુ હતુ કે, કોવિડના સિવિયર અને ક્રિટીકલ કેસમાં સારવાર માટે ખૂબ જ સાવધાની રાખવી પડે છે. આવા દર્દીઓના બ્લડમાં જોઇએ તે પ્રમાણે ઓક્સિજન મિકસ થતુ નથી. ન્યુમોનિયા ફેફ્સામાં ભરાઇ જાય છે. આવા સમયે દર્દીઓને વધારે ઓક્સિજન આપવાની જરૂર ઉભી થાય છે. આવી સ્થિતિ લાંબા સમય સુધી રહે તો શરીરના જુદા–જુદા અંગો પણ અસરગ્રસ્ત થાય છે. કયારેક મગજમાં રકત પ્રવાહ પહોંચતો નથી. એટલે મલ્ટીઓર્ગન ફેઇલ થવાની શકયતા વધી જાય છે. એટલે તબીબો કોવિડના સિવિયર અને ક્રિટીકલ કેસમાં વધારે ધ્યાન આપે છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, સરકારની હેલ્થ ઓથોરિટીમાંથી મેડીકલ ઓફિસરો મળી કુલ ૫૫ તબીબો સાથેની કોરોના એકશન કમિટી બનાવવામાં આવી છે. ડોકટરોને હોસ્પિટલ અને કલીનિક ચાલુ રાખી કોવિડની સાથે અન્ય દર્દીઓની પણ સારવાર ચાલુ રાખવાની સૂચના આપી હતી. કોવિડના દર્દીઓ માટે અલગથી કફ, કોલ્ડ અને ફીવરની ઓપીડી બનાવવામાં આવી છે. મેડીકલ સ્ટાફની સુરક્ષા માટે પણ એકશન લેવામાં આવી હતી. દસ ડોકટરોના નામ અને નંબર સાથેની આઇએમએની હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. દેશભરમાંથી ફોન આવે છે અને મેડીકલ માહિતી ઉપરાંત લોકો સુધી ભોજન પહોંચાડવા માટે પણ મદદરૂપ થાય છે. પબ્લીક સેકટર અને પ્રાઇવેટ સેકટર સાથે મળીને કામ કરી રહયાં છે. એમાં કોમ્યુનિટીનો પણ ઘણો સપોર્ટ મળ્યો છે.

ડો. અરૂણ મેહરાએ જણાવ્યુ હતુ કે, કોરોના વાયરસની તપાસ માટે હવે રેપીડ ટેસ્ટ અવેલેબલ છે. જો લક્ષણો નહીં દેખાતા હોય તો ઘરમાં પોતાને આઇસોલેટ કરી શકાય છે. કોરોના થઇ પણ જાય છે તો એ દર્દી સારો થઇ જઇ શકે છે. પરંતુ સિવિયર અને ક્રિટીકલ કેસમાં દર્દીને ડાયગ્નોસ કરી સારવાર આપવાની જરૂર પડે છે. મેલેરીયા માટેની હાઇડ્રોક્સીક્લોરોફાઇડ નામની દવા જાતે લેવાની નથી. એ માત્ર ડોકટરો જ કોવિડના શંકાસ્પદ દર્દીઓને આપી શકે છે. પ્લાઝમા થેરપી શરીરમાં એન્ટીબડી બનાવે છે જે પ્રોટેકટીવ હોય છે પણ આને રિસર્ચ કરીને ઉપયોગમાં લઇ શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, પ્રિ ડાયગ્નોસ કોવિડના કેસમાં અઠવાલાઇન્સની હોસ્પિટલમાં ડાયગ્નોસ અને અનડાયગ્નોસ દર્દીને સિન્ગલ રૂમમાં રાખવામાં આવે છે, જેથી આઇસોલેશન સારુ બની રહે. દરેક રૂમમાં મોનીટર અને ઓકસીજન આપવાની પૂરી વ્યવસ્થા છે. હેલ્થકેર ટીમને કલર કોડ કરી દેવામાં આવી છે. એક

સમયે એકજ કલર કોડમાં મેડીકલ સ્ટાફ સારવાર આપે છે. આ ટીમમાંથી કદાચ જો કોઇ સ્ટાફ પોઝીટીવ થાય તો આ ટીમને બદલે બીજી ટીમને સારવાર માટે જોડી દેવાનું પ્લાનીગ કરી રાખવામાં આવ્યુ છે.

ડો. પ્રિતિ કાપડીયાએ જણાવ્યુ હતુ કે, સુરતની સિવિલ હોસ્પિટલમાં કોવિડના દર્દીઓને સારવાર માટે રેસિડેન્ટ અને ઇન્ટર્ન ડોકટરોને ટ્રેનીગ આપવામાં આવી હતી. ખૂબ જ ઝડપથી ૨૮૦ બેડવાળી ન્યુ કોવિડ હોસ્પિટલ બનાવી ત્યાં કોવિડ પોઝીટીવ દર્દીઓને ખસેડવામાં આવ્યા હતા. કોર્પોરેટ તથા અન્ય સંસ્થાઓના ડોનેશન થકી કોવિડની સારવાર માટેની સમગ્ર વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. કોવિડના દર્દીઓની સારવાર માટે એક્ષપર્ટ ટીમને ઉભી કરવામાં આવી છે. ત્યારબાદ ૩૭૫ બેડવાળો નવો વોર્ડ ઉભો કરવામાં આવી રહયો છે. આમ ૭૫૦ બેડ સુધી પહોંચી શકીશું.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, સરકારે કોવિડ કેર સેન્ટર ઉભા કર્યા છે. કોવિડના લક્ષણ વગરના યુવા દર્દીઓને આ સેન્ટરમાં ટ્રાન્સફર કરવામાં આવી રહયાં છે. સરકાર દ્વારા સ્ટેપ બાય સ્ટેપ ગાઇડલાઇન્સ આપવામાં આવી રહી છે. જેને આધારે તબીબો કોવિડની સારવારમાં પણ સાયન્ટીફિકલી આગળ વધી રહયાં છે. કોવિડના દર્દીઓને સાજા કરવાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

ડો. અનિલકુમાર ચિલીમુન્થાએ જણાવ્યુ હતુ કે, કોવિડનો ચેપ પર્સન ટુ પર્સનમાં ફેલાઇ રહયો હોવાથી તેના ચેપથી કઇ રીતે બચી શકાય તેના વિશે સમજણ આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, ઘરમાં જ રહેવુ જોઇએ અને ૨૦ સેકન્ડ સુધી વારંવાર હાથ ધોવા જોઇએ. આંખ અને ચહેરાને અળવાથી બચવું જોઇએ. હોસ્પિટલમાં ટ્રિપલ લેયર માસ્ક અથવા કાપડના માસ્કનો ઉપયોગ કરવો જોઈએ. લોકોથી દૂરી બનાવી રાખવી પડશે. ઘરે પણ ટેબલ, સ્વીચ બોર્ડ, ટેલીફોન, શુઝ અને ચપ્પલને પણ ડિસઇન્ફેકટેડ કરવા જોઇએ. તેમની હોસ્પિટલમાં પણ કોવિડ માટે આખો વોર્ડ અલગ બનાવી દીધો છે. મેડીકલ સ્ટાફને રહેવા માટે અલગથી જગ્યા આપી છે. તેમની મેડીકલ ટીમ દ્વારા ૮૦૦ જેટલા પોલીસ કર્મચારીઓની મેડીકલ તપાસ કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, જો શંકાસ્પદ દર્દીના સંપર્કમાં આવ્યા હોય તો ઘરમાં જ હોમ કોરન્ટાઇન થઇને સેપરેટ રૂમમાં માસ્ક પહેરીને રહેવુ પડશે. પરિવારના સભ્યોથી એક મીટર સુધી દુર રહેવુ પડશે. બાળકો, ગર્ભવતિ મહિલાઓ અને વૃદ્ધોના સંપર્કમાં નહીં આવવુ જોઇએ. ત્યારબાદ પણ જો તમને તાવ અને ખાંસી આવે છે તો તુરંત હેલ્થ સેન્ટરનો સંપર્ક કરવો જોઇએ. તેમણે રોગપ્રતિકારક શકિત વધારવા માટે શાકાહારી ભોજન લેવાની, આઠથી બાર ગ્લાસ પાણી પીવાની, નિયમિત સૂર્યપ્રકાશ લેવાની, જંક ફૂડ અને પ્રોસેસ ફૂડથી દૂર રહેવાની તેમજ આઠથી દસ કલાક ઉંઘ લેવાની સલાહ આપી હતી.

ઇન્ડિયન મેડીકલ એસોસિએશન– સુરતના ભુતપૂર્વ પ્રમુખ ડો. નિતિન ગર્ગએ વેબીનારનું સંચાલન સુપેરે પાર પાડયુ હતુ. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુક્લએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.